# ૪.૯ આઠ કર્મોના આટાપાટા અને જીવનદષ્ટિ

સમસ્ત વિશ્વના સર્વ જીવો આ કર્મોના ભારથી દબાયેલાં છે, આ કર્મની સ્થિતિ કે પરિસ્થિતિ સ્વયં સંચાલિત છે. પ્રખ્યાત લેખક 'પોલ બ્રંટન'એમના પુસ્તક "Teaching Beyond Yoga"માં કહે છે કે કર્મનો સિદ્ધાંત સંપૂર્ણ વૈજ્ઞાનિક સ્વરૂપે છે. તેમજ અન્ય વિદેશીલેખક 'સંબલલીક' પોતાના પુસ્તક "Run in earnation-the second chance"માં લખે છે કે અજ્ઞાનતાના કારણે આપણે કર્મનો અસ્વીકાર કરીએ છીએ પરંતુ કર્મ આપણો અસ્વીકાર કરતું નથી. તે તો આપણને વળગીને જ રહે છે.

જગતની વિષમતાનું કારણ કર્મ છે. એવું સત્ય દરેક ધર્મના દર્શનો એ પણ સ્વીકાર્યું છે પરંતુ જૈન દર્શને તેનું ઘણું જ સૂક્ષ્મતા પૂર્વક નિરૂપણ કર્યું છે. જે બીજે ક્યાંય જોવા મળતું નથી. બીજા દર્શનકારો ક્રીયા (Action)એવો અર્થ કરે છે. તે તો અમુક વખતમાં નષ્ટ થઈ જાય જ્યારે જૈન દર્શન કહે છે કે આપણા મન–વચન કાયાથી શુભ કે અશુભ ક્રીયા થાય છે. "क्रियते ईति कर्म" મિથ્યાત્વાદિહેતુ વડે જે કરાય તે કર્મ. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કર્મ એક દ્રવ્ય છે. સૂક્ષ્મ પુદ્‌ગલના સમુહરૂપ છે. જેને "કાર્મણ વર્ગણા" કહે છે. આ કાર્મણ વર્ગણા સમસ્ત લોકમાં વ્યાપ્ત છે. આપણી શુભ કે અશુભ પ્રવૃત્તિ અનુસાર આ પુદ્‌ગલો આત્માને ચોંટે છે. તેને કર્મ બંધ છે.

આત્મા તો સૂર્ય જેવો તેજસ્વી છે. તે અનંત ગુણોનો સ્વામી છે. પણ વાદળ જેમ સૂર્યના પ્રકાશને ઢાંકે છે તેમ આકર્મો આત્માના ગુણોને ઢાંકે છે.

કર્મબંધ થાય ત્યારે ચાર વસ્તુ નક્કી થાય છે. (૧) પ્રકૃતિ–Nature (૨) સમય–Time(૩)રસ–Quality (૪) પ્રદેશ–Quantity. આ ચારમાં સૌથી વધુ મહત્વ રસ બંધનું છે. સૌથી ઓછું મહત્વ પ્રદેશ બંધનું છે.

## કર્મ શું છે?

સમસ્ત લોક પુદ્‌ગલોથી ભરેલો છે. તેમાં સ્કંધરૂપે આઠ વર્ગણાઓ છે. આ પુદ્‌ગલના સ્કંધનો છેલ્લો સ્કંધ કાર્મણવર્ગણા આત્માને ચોંટે છે. તે કર્મ કહેવાય છે. આ વર્ગણા આત્મા પોતે ગ્રહણ કરતો નથી, પોતાની મેળે વળગી પડતો નથી પણ આત્મા મિથ્યાત્વ આદિ ૪ કારણોને લીધે તેને પોતાની તરફ આકર્ષે છે. અને તે આત્મ પ્રદેશ સાથે ક્ષીરનીર થાય છે. જેમ લોહાગ્નિની જેમ એક મેક થઈ જાય છે અને તે છોડયા, ભોગવ્યા વગર કર્મ નિર્જરા કર્યા વગર, છુટતી નથી. આથી કારણે જીવનું સંસાર ભ્રમણ અનાદિથી ચાલુ જ છે. હરપળે હરક્ષણે (ક્ષણે ક્ષણે) કર્મો ભોગવાય અને નવા બંધાય પણ છે. આ પ્રક્રિયા શરૂ હોવાથી આત્મા મુક્તાત્મા સિદ્ધ થઈ શકતો નથી. માટે જ શ્રી વીર વિજયજી મ.સા. પૂજાની ઢાળમાં કહ્યું છે કે "બંધ સમય ચિત્ત ચેતીયે રે ઉદયે શો સંતાપ સલુણા"આ પંક્તિ ઘરમાં નજર સમક્ષ રાખવી જોઈએ જેથી પ્રત્યેક ક્ષણે કર્મ બાંધતા રેડસિગ્નલ મળે. હવે આપણે કર્મોના પ્રકાર, કર્મબંધનના કારણો, તેના વિચારો અને તેનાથી કઈ રીતે બચવું તે દાખલા સાથે જોઈએ કે કોણે આ પ્રકારના અશુભ કર્મબંધનથી કેવા ફળ મેળવેલ છે જ્યારે આની શુભ અસર કોને થઈ છે.

ચૌદ રાજલોકમાં સમગ્ર સૃષ્ટિમાં કાર્મણ–વર્ગણા દૃષ્ટિ અગોચર એવી સૂક્ષ્મ, સઘનપણે વ્યાપ્ત છે. તે જડ છે, છતાં તેનામાં એક વિશિષ્ટ શક્તિ કે પ્રકૃતિ છે. જે ચૈતન્યસ્વરૂપ એવા આત્મામાં જ્યારે જ્યારે રાગાદિ અનેક પ્રકારના વિકાર કે વિભાવ ઉત્પન્ન થાય છે, તેનું નિમિત્ત પામીને આ જડ કાર્મણ–વર્ગણા આત્માના પ્રદેશો સાથે ભળી જાય છે; ત્યારે એ કાર્મણ–વર્ગણા કર્મબંધ કહેવાય છે. લોહચુંબક જેમ લોઢાને આકર્ષે છે અને પછી ચોંટી જાય છે, તેમ આત્માની વિભાવદશાનું નિમિત્ત પામી, કાર્મણ–વર્ગણા આકર્ષાય છે. અને આત્મપ્રદેશો પર ચોંટે છે. તે સમયે તેમાં એક વિશિષ્ટ રચના થાય છે. એ કર્મબંધના પ્રકાર ચાર છે.

jainuniversity.org

### આત્મા અને કર્મનો સંયોગ:

પરમ સુખમય, સત્-ચિત્-આનંદમય આત્મસ્વરૂપને સમજવા પછી આપણને પ્રશ્ન થાય છે કે જો આત્મા શુદ્ધ અને પરમ સુખમય તત્ત્વ છે, તો પછી આ વિશ્વમાં જણાતી વિચિત્રતા અને વિવિધતાનું કારણ શું?

વિજ્ઞાનની કોઈ પ્રયોગશાળા આનો જવાબ આપી નહિં શકે. પ્રાણીમાત્ર રોગ, શોક દુ:ખ મૃત્યુ કે સંતાપ ઈચ્છતો નથી; છતાં તે આવી પડે છે. તે દુ:ખો કરવાના ઉપાય કર્યા છતાં તે નષ્ટ થતાં નથી, રૂપાંતર થયા કરે છે. રોગ જાય તો શોક આવે, શોક જાય તો સંતાપ આવે; જન્મ થાય તો મૃત્યુ આવે.

વળી, સૃષ્ટિમાં જીવોની દશા જોઈએ તો એકેન્દ્રિયાદિ તિર્યંચ પશુ-પક્ષીના દુ:ખ; મનુષ્યમાં એક રોગી, એક નિરોગી; એક રાજા, એક રંક; એક સુખી, બીજો દુ:ખી; એક રોગી, બીજો દ્વેષી- આવી અનેક પ્રકારની વિચિત્રતા! એક પિતાએ બે પુત્રોને વહેંચેલી સરખી સંપત્તિમાં પણ કાળક્રમે અંતર પડી જાય છે. એક માતાએ જન્મ આપેલા સહોદર ભાઈઓમાં પણ રોગી-નીરોગીના ભેદ હોય છે. આવા સર્વ ભેદનું કારણ શુભાશુભ કર્મ છે.




૧. પ્રકૃતિબંધ : ૨. સ્થિતિબંધ, ૩. રસબંધ, ૪. પ્રદેશબંધ

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકૃતિબંધ | : | જે કર્મ ઉદયમાં આવે તેનો સ્વભાવ, તે જ્ઞાનાવરણાદિ કેવુ ફળ આપશે વગેરે. |
| ૨. | સ્થિતિબંધ | : | એ કર્મ જીવ કેટલો સમય રહેશે તે. |
| ૩. | રસ બંધ | : | કર્મનો શુભાશુભ કે સુખ-દુ:ખનો તીવ્ર મંદ અનુભવ. |
| ૪. | પ્રદેશબંધ | : | કર્મ પુદ્ગલોના પ્રદેશોનો સામૂહિક જથ્થો. |

jainuniversity.org



કર્મબંધના કારણો પાંચ છે.

૧. મિથ્યાત્વ ૨. અવિરતિ, ૩. કષાય, ૪. યોગ ૫. પ્રમાદ

| | | |
|---|---|---|
| ૧. | મિથ્યાત્વ | : સત્‌દેવ, સત્‌ગુરુ અને સત્‌ધર્મમાં અશ્રદ્ધા જિનેશ્વરે કહેલા તત્ત્વોમાં અરુચિ, સંસાર સુખમાંરાગ અને દુઃખમાં દ્વેષ. |
| ૨. | અવિરતિ | : નિયમ, વ્રત, પચ્ચક્ખાણ અને સંયમમાં અરુચિ. |
| ૩. | કષાય | : ધર્મમાં અનાદર, અધર્મમાં આદર અને ક્રોધ–માન–માયા–લોભની વૃત્તિ અને પ્રવૃત્તિ. |
| ૪. | યોગ | : મન, વચન, કાયાની શુભાશુભ પ્રવૃત્તિ. |
| ૫. | પ્રમાદ | : વ્યસન, વિષય–કષાય, વિકથા, પરભાવ અને નિદ્રા. |

મિથ્યાત્વાદિ હેતુઓ સાથે કષાયનોભાવ કર્મઅને આત્મ પ્રદેશનું મિશ્રણ કરે છે.







jainuniversity.org

કર્મોના મુખ્ય આઠ અને પ્રભેદ એકસોને અઠ્ઠાવન ભેદ શાસ્ત્રમાં કહ્યાં છે. તેમાં પહેલું જ્ઞાનાવરણીય કર્મ.

જ્ઞાનાવરણીય કર્મ એટલે જીવને અજ્ઞાની રાખે તે કર્મ.

આત્મા અનંત જ્ઞાન ગુણનો સ્વામી છે. પરંતુ તેની ઉપર આ કર્મનું આવરણ આવી જવાથી અનંત ગુણને જાણી શકાતા નથી. તેના મતિજ્ઞાન આદિ પાંચ ભેદ છે. અને ૫૧ (એકાવન) પેટા ભેદ છે. જ્ઞાન અને જ્ઞાનીની આશાતના કરવાથી આ કર્મ બંધાય છે. જેમ કે;

કર્મ બંધના કારણો

૧ જ્ઞાની ગુરુ પ્રત્યે અહોભાવ નહિ રાખવો.

૨ આ ગુરુએ મને ભણાવ્યું છે તેમ નહિ કહેતાં મને આવડતું જ હતું તેમ કહેવું.

૩ આવડતું હોવા છતાં બીજા કોઈ ભણવા (શીખવા) આવે તો મને આવડતું જ નથી તેમ કહી અન્યને ઉપયોગી ન થાવું.

૪ કોઈ ભણતું હોય ત્યારે આડા–અવડા કામ ચીંધીને, અલગ મોટેથી બોલીને અગર ટી.વી. રેડીયો ચાલુ કરીને ભણતાને હેરાન પરેશાન (અંતરાય) કરવો.







૫ જ્ઞાનના ઉપકરણની આશાતના કરવી. કાગળ બાળવા, કાગળ ઉપર બેસવું, નાના બાળકોના છી-પી.પી કાગળ વડે સાફ કરવા, પોસ્ટની ટીકીટ થૂંક લગાડીને ચોંટાડવી ગુરૂનો વિનય ન કરવો.

૬ 'સમ્યગ શ્રુતજ્ઞાન' શાસ્ત્રમાં કહ્યા મુજબ ઉપધાન આદિથી ગ્રહણ ન કરવું, કાળ(સમય) ન સાચવવો વગેરે અનેક કારણસર જ્ઞાનની આશાતનાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

જેને કારણે મુંગા-બહેરા ખોડ ખાંપણવાળા, મંદબુદ્ધિના થાય છે. આગળના ભવમાં જ્ઞાનની આશાતના કરવાથી વરદત્ત અને ગુણમંજરીનો દાખલો પ્રસિદ્ધ છે. તેમજ ઘણું ઘણું ગોખવા છતાં કશું યાદ ન રહે તે માટે માષતુષમુનિની વાત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. જ્યારે જ્ઞાનની આરાધનાથી શુભ કર્મ બંધાય છે. વજ્રસ્વામી ના જીવે પૂર્વ દેવભવમાં અષ્ટાપદપર્વત ઉપર શ્રીગૌતમસ્વામીના મુખેથી પુંડરીક -કંડરીક અધ્યયન સાંભળ્યા તે અધ્યયનનું દિવસમાં ૫૦૦વાર ૫૦૦વર્ષ સુધી સતત સ્મરણ કરતાં હતાં જેથી વજ્રસ્વામીના ભવે ઘોડીયામાં આગમના અગ્યાર અંગ ભણી ગયા. તેમજ અભયકુમાર-રોહક-બીરબલ વગેરે કેવા બુદ્ધિશાળી હતા. આ બધો પ્રભાવ જ્ઞાનનો ક્ષયોપપમ આજના સમયમાં ઘણાં ઘણાં તેજસ્વી - બુદ્ધિશાળી આપણે છીએ તે પણ ગત જન્મની આરાધનાથી છે, આ જન્મમાં જેને જ્ઞાનનો વિનય ન હોય. સમ્યગજ્ઞાન પ્રત્યે રુચી ન હોય તો પુન્યાઇ ખુટી જાય છે. અને કર્મ બંધાઈ જાય છે. માટે હર ક્ષણે જ્ઞાનની આશાતનાથી બચવું.

## દર્શનાવરણીય કર્મ એટલે જીવને સાચું દર્શન ન થવા દે તે કર્મ.

આપણો આત્મા અનંતદર્શનગુણ યુક્ત છે. પરંતુ દર્શનાવરણીયકર્મના આવરણના કારણે વિશ્વના તમામ પદાર્થ જોઈ શકતો નથી. દર્શનાવરણીય કર્મના નવ ભેદ છે. તેમાં ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન તથા પાંચ પ્રકારની નિદ્રાનો સમાવેશ થાય છે.

કર્મ બંધના કારણોમાં જ્ઞાનવરણીય કર્મના કારણો તો આવેજ તે ઉપરાંત;

૧ દેવ - ગુરુ અને ધર્મ પ્રત્યે શંકા કુશંકા કરી હોય,

૨ સાધુ - સાધ્વીના મેલા વસ્ત્રો દેખીને દુગંછા નિંદા કરી હોય,

૩ સાધર્મિક સાથે ઝગડો કર્યો હોય,

૪ સંઘમાં કોઈ સારું કામ કરતા હોય તેમના ગુણોની પ્રશંસા નહિ કરતાં તેમને માટે જેમ તેમ બોલતા હોય.

૫ પૂજાવિધિ શાસ્ત્રમાં કહી છે તે પ્રમાણે નહિં કરતાં અષ્ટપડ યુક્ત રૂમાલ નહિં બાંધી પ્રભુ પૂજા કરવી. જેથી આપણા શ્વાચ્છોશ્વાસ, થૂંક વગેરે પ્રતિમાને લાગવાનો સંભવ રહે,

૬ જિન પ્રતિમાને અભિષેક કરતાં કળશ અડાડવો વગેરે અવિધિથી – ઉતાવળેથી કરી લઈએ.

૭ પૂજા કરતાં આંગળીના નખ લગાડવા,

૮ નવ અંગને બદલે વધારે તિલક કરવા, કેશર બગાડવું ઈત્યાદિ

શાસ્ત્રમાં બતાવ્યા મુજબ જિનભવનની ૮૪ આશાતના અને ગુરુઓની ૩૩ પ્રકારની આશાતનામાંથી કંઈ કરી હોય તો દર્શનાવરણીય કર્મ બંધાય છે. જેના ઉદયથી આંખના દર્દો–મોતીયો–ઝામર, વિધવાપણું તથા બીજી ઈન્દ્રિયોની ખોડ–ખાપંણ થાય છે. નિંદ્રાથી ધર્મ ક્રિયામાં ઉંઘ અને આળસ આવે છે. જેથી ધર્મક્રિયા કરવા છતાં ફળની પ્રાપ્તિ ન થાય. કદાચ જાગ્રત એવા આ આત્માને (ઉંઘણશી) અવળેમાર્ગે દોરવાનું કામ આ કર્મ કરે છે. આંધળાને અંધાપો કહેવો–મુંગા–તોતડા બોબડાને ધિક્કારવા વગેરે મન–વચનથી પણ કર્મ બાંધતા સજાગ રહેવું. બીજા ભવમાં આપણે પણ આ બધું ભોગવવું પડે છે. ચૌદ પૂર્વાધર અને ચારિત્ર્યથી પડ્યા ભાનુદત્ત મુનિને પ્રમાદથી પૂર્વ ભુલાઈ ગયા. થીણદ્ધિનિદ્રાના ઉદયના કારણે એક સાધુ એ ઉંઘમાં હસ્તિને હણ્યો, જ્યારે દેવ–ગુરુ પ્રત્યે બહુમાન, પ્રભુપૂજામાં ચડતે ભાવે ભક્તિગુરુની વૈયાવચ્ચથી મિથ્યાત્વની ગ્રંથી ભેદ થાય છે. સારા–નરસાનો વિવેક રાખવાથી વગેરેથી શુભ કર્મ બંધાય છે. ભરતચક્રવર્તીએ પૂર્વભવમાં સાધુની વૈયાવચ્ચના કારણે છ ખંડની ઋદ્ધિ મેળવી હતી. આ બધું જાણ્યા પછી દેરાસર ઉપાશ્રય કે તીર્થસ્થાનોમાં આરાધના ભલે ઓછી થાય પણ વિરાધના– આશાતનાથી તો ખાસ બચવું.

## વેદનીય કર્મ એટલે જીવને સુખ–દુઃખ (શાતા–અશાતા) પ્રાપ્ત થાય છે તે કર્મ.

દર્શનાવરણીય કર્મ પછી ત્રીજું કર્મ આવે છે વેદનીય કર્મ, આત્માનો ગુણ અનંતસુખનો છે. પણ વેદનીય કર્મના ઉદયથી તે દબાઈ જાય છે. આ કર્મ શાતા અને અશાતા એમ બે પ્રકારે ફળ આપે છે. ગુરૂભક્તિ– પ્રભુભક્તિ–માતાપિતા વડિલોનું બહુમાન–માંદાની સેવા–ગુરૂની વૈયાવચ્ચભક્તિ–સુપાત્રમાં દાન–વ્રતનિયમપાલન–નમ્રતા–સરળતા કોઈ જીવને શાતા આપવાથી શાતા વેદનીય કર્મ બંધાય છે. અને દેવ જેવા સુખ મળે છે. પૂર્વભવનાં શાલિભદ્રનો જીવ સંગમનામે ગોવાળ હતો ત્યારે મુનિને શુભભાવથીખીર વહોરાવી. જેથી ઋદ્ધિ–સિદ્ધ પામ્યાં. ભરતચક્રવર્તીએ – પૂર્વભવે ૫૦૦ સાધુનીભક્તિકરવાથી છખંડની ઋદ્ધિને પામ્યા. બાહુબલીજી એ ગુરૂની વૈયાવચ્ચના કારણે અનંત બળી થયા. ખુદ તીર્થંકર પરમાત્માએ આગલા ત્રીજા ભવે "સવી જીવ કરૂં શાસન રસી" એ મુજબ સર્વ જીવો પ્રત્યે કરૂણાનો ધોધ વહેવડાવ્યો જેના કારણે તીર્થંકર નામકર્મ નિકાચિત કરીને તીર્થંકરના ભવે રાજઋદ્ધિ સમવસરણ– નવસુવર્ણકમળ વાદમાટે ક્રોડો દેવતાઓની સેવા વગેરે પામ્યા. આવા શાતાવેદનીય કર્મના ઉદયના કેટ કેટલા દાખલા મૌજુદ છે. જ્યારે હવે જોઈએ અશાતા વેદનીય કર્મના ફળો, ખંધક મુનિએ આગલાભવમાં ચીભડાની આખી છાલ ઉતારીરાજી થતાં મુનિના ભવે શરીરની ચામડી ઉતરાઈ મૃગાપુત્ર પૂર્વભવમાં રાઠોડ હતો. પાંચસો ગામનો અધિપતિ હતો. વ્યસનમાં આસક્ત હોવાથી તેની નીચેના લોકોને આકરા કર–દંડ–ગુનેગારના હાથ–પગ–કાન વગેરે છેદાવતો જે આકરા કર્મબાંધવાથી ઈન્દ્રિય વગરનો ખાલી માસપિંડ જેવો બન્યો આવા અનેક દાખલાઓ છે. જેથી જીંદગીમાં ક્યારેય કષાય, નિર્દયતા, અવિરતી, કોઈની વ્યથાપણ ઓળવવી, ચાડીખાવી, કોઈ જીવનોવધ કરવો. છેદનભેદન કરવું. બિમારવ્યક્તિ ઉપર ક્રોધ કરવો, કોઈને લડાવવા, કોઈની આશા ભાંગવી, કંજૂસ થવું, માતાપિતાનો તિરસ્કાર કરવો, ગુરૂદ્રોહ કરવો આ બધા કારણોસર અશાતા વેદનીય કર્મ બંધાય છે. અને દુઃખી દુઃખી થઈ જવાય છે માટે દરેક પ્રત્યે સહાનુભૂતિ – પરોપકાર–સેવા કરવાના ગુણો કેળવવા.

## મોહનીય કર્મ એટલે જીવને રાગ-દ્વેષાદિ કરાવે છે તે કર્મ.

વેદનીયકર્મ પછી આવે છે, મોહનીય કર્મ. આત્માને મુંઝવનારૂં કર્મ તે મોહનીય કર્મ. આત્માના અનંત છે. વીતરાગના ગુણને આવરનારું આઠે કર્મોમાં ભયંકર તેની સ્થિતિ પણ સહુ કરતાં વધુ છે. રાગ-દ્વેષ કરાવનારૂં સંસારી જીવોને તેના કારણે સતત ભવભ્રમણ ચાલુ જ રહે છે. તેમાં મુખ્યત્વે ૧૬ કષાય ૯ નોકષાય (જે કષાયને દિપ્ર કરે છે) અને શ્રદ્ધાને  ડગમગાવી નાખે તેવી ૩ પ્રકૃતિ મળી ૨૮ ભેદ છે. આ કષાયોના ઉદયથી એટલે કે ક્રોધથી સાધુ જે ચંડકોશીક સર્પ બન્યા, માનથી બાહુબળીજીને કેવળજ્ઞાન અટક્યું. માયાથી ખુદ મલ્લી કુંવરી રૂપે મલ્લીનાથ અટક્યા. માયાથી લક્ષ્મણાસાધ્વીજીએ અનંત સંસાર વધાર્યો. લોભથી સુભુમચક્રવર્તી નરકમાં ગયા. આ કર્મે મોટા આચાર્યોને  પણ તેનો પરચો બતાવ્યો છે. સુમંગલાચાર્ય કેડના પટ્ટાની આસક્તિના કારણે અનાર્યદેશમાં બીજો જન્મ મળ્યો. મંગુઆચાર્યને રસનાની આસક્તિના કારણે નગરના ભુત બનવું પડયું. કંડરીકમુનીએ શરીરની પંપાળ માટે ચારિત્ર્ય ગુવ્યુંતો નરકે ગયા. આ રીતે વિષય કષાયની આસક્તિથી આ કર્મ બંધાય છે.

જ્યારે શાલીભદ્રે “મારા માથે નાથ” એ શબ્દ સાંભળતા, અને પોતાના સાળા ધન્ના એ “કરી બતાવો” એ શબ્દ સાંભળતા સંયમ લીધું. સોમચંદ્રરાજર્ષિ (પ્રસન્નચંદ્રનાપિતા) “માથે દૂત આવ્યો” આ બધા શબ્દ સાંભળતા જીવનની દૃષ્ટિ બદલી. મોહનીયકર્મ ઉપર જીત મેળવી સંયમ લઈ સદ્‌ગતિને વર્યા. આ કર્મ દારૂ જેવું છે. દારૂપીધા પછી સારાસારનું ભાન રહેતું નથી. તે રીતે મોહનીય કર્મના ઉદયથી આપણા આત્માને શું હેય. જ્ઞેય અને ઉપાદેય છે તે ભુલીને કષાય અને અવિરતિથી ખૂબ કર્મ બાંધીએ છીએ. પાંચે ઈન્દ્રિયના ઘોડાને છૂટા મુકીએ છીએ. શરીરને સુખાકારી માટે પંપાળીએ છીએ. અળગણ પાણી- સ્નાનાગારમાં નહાવું. જીભને બજારૂં ગંદી વાસી અભક્ષ્ય વસ્તુ ખવરાવીએ. નાકને સેન્ટ-અત્તર, આંખને ટી.વી. વીડીયો પીકચર વગેરે કામવાસનાને ઉત્તેજીત કરનાર દૃશ્યથી કાનને પીકચરના કામવાસના જગાડે તેવા ગીતો સંભળાવીને મોહનીય કર્મ બાંધીને અનંતો સંસાર વધારીએ છીએ. આ ઉપરાંત દેવ-ગુરૂની આશાતના-જીવોની હિંસા-દેવદ્રવ્યની રકમ બોલીને નહિ ભરવાથી સંઘનો અવર્ણવાદ (નિંદા) કરવાથી કરવા યોગ્ય નહિ કરવાથી અને નહિ કરવા યોગ્ય કાર્ય કરવાથી સંસાર વધારીએ છીએ આ કર્મનો ક્ષય કરવાનો પુરૂષાર્થ આ માનવભવમાં જ કરવા જેવો છે.

## આયુષ્ય કર્મ એટલે જીવને ચોક્કસ સમય સુધીનું આયુષ્ય પ્રાપ્ત થાય છે તે કર્મ.

આ કર્મનો ઉદય મોક્ષન મળે ત્યાં સુધી જીવના કર્મો પ્રમાણે દેવ-મનુષ્ય-નરક અને તિર્યંચગતિમાં ફરવાનું ચાલુ જ રાખનાર છે. અત્યારે માનવભવ સારામાં સારો છે. મનુષ્યગતિમાંથી જ કર્મ ખપાવી સિદ્ધમાં જવાશે. દેવો પણ આ ભવને ઝંખે છે. તે માટે દાન, દયા, અલ્પ પરિગ્રહ, અલ્પ કષાય, અલ્પ વિનય, સરળતા, દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યે શ્રદ્ધા વગેરે ગુણો જીવનમાં કેળવવા બાકી રોદ્ર ધ્યાનથી મહાઆરંભ, પરિગ્રહ, રાત્રીભોજન, મહાવિગઈ વગેરેના સેવનથી નરકગતિ અને આર્તધ્યાન-જૂઠ-માયા-પ્રપંચથી તિર્યંચગતિ અને નરકગતિ પામ્યાના દાખલા શાસ્ત્રોમાં મૌજુદ છે. તો મળેલ માનવ ભવ હારી ન જવાય તેની તકેદારી દરેક કર્મ કરતા ધ્યાનમાં લેવી

## નામ કર્મ એટલે જીવને શુભ-અશુભ પ્રાપ્ત થાય છે તે કર્મ.

દરેક સંસારી જીવને પોતપોતાના કર્મઅનુસાર શરીર મળે છે. કોઈના રૂપ-રંગ-સ્વર-ચાલ-યશ-માન પાંચે ઈન્દ્રિયનું સુખ વગેરે સારૂં મળે છે. જ્યારે કોઈને તેનાથી વિપરીત. આ બધું નામ કર્મને આભારી છે. તો ૧૦૩ ભેદ છે. તેમાં ૬૨ પ્રકૃતિ શુભ અને ૪૧ અશુભ છે. જીવનમાં સરળતા-ક્ષમા-દાન-દયા-અહિંસા તેવા ગુણોને કારણે શુભ શરીર અને સારા ગુણો મળે છે. તેનાથી વિપરીત અશુભ શરીર અને ગુણો મળે છે.

## ગોત્ર કર્મ એટલે જીવને સારા કે નરસા કુળ (ઘરો)માં જન્મ પ્રાપ્ત થાય છે તે કર્મ.

આ કર્મના ઉદયથી સંસારી જીવને ઉચ્ચ અને નીચ બુળમાં આવવું પડે છે. કુળનો મદ કરવાથી પરમાત્મા મહાવીર દેવને પણ નીચ કુળમાં આવવું પડ્યું હતું. જ્યારે દેવાનંદામાતાને પૂર્વભવમાં દેરાણી (ત્રિશલાનું) રત્ન ચોરવાથી પ્રભુ રત્ન ચોરાઈ ગયું આવા છ કર્મના આટાપાટા મેતાર્યમુનિ, હરિકેશીમુનિ વગેરેને. પણ ચંડાળકુળ મળેલ આ માટે જીવનમાં ક્યારેય કોઈપણ પ્રકારે અહંકાર, માન, કપટ વગેરે ના કરવું.

## અંતરાય કર્મ એટલે જીવને કાર્ય સિદ્ધિ પ્રાપ્ત થતી નથી તે કર્મ.

આ કર્મનો અનુભવ સહુ કોઈને ઓછે વત્તે અંશે જીવનમાં થતો હશે. છતી શક્તિએ કાર્ય ન થઈ શકે. ભોગવિલાસ સામગ્રી હોવા છતાં ભોગવીન શકાય. દા.ત. દેવાની ભાવના હોય પણ દઈ ન શકાય, યાત્રાએ જવાનું હોય ત્યાં વિઘ્ન આવે, આ બધી ઘટનાઓ આ કર્મને આભારી છે. હિંસા - ચોરી - મૈથુન વગેરે પાપસ્થાનક સેવવાથી. ભણતાને અંતરાય કરવાથી, સત્કાર્ય કરનારને રોકવાથી. ધર્મક્રિયામાં આળસ કરવાથી, નોકરોને કામ વધુ અને મહેનતાણું ઓછું આપવાથી, ભુખ્યાને ભોજન ન દેવું, પશુને ખાવાનું ન દેવું, વગેરે રીતે આ કર્મ બંધાય છે. પૂર્વના કર્મથી ભગવાન આદિનાથ પરમાત્માને અને ઢંઢણમુનિને આહાર મળતો ન હતો. આ અંતરાય કર્મ નળ-દમયંતી, સીતા અંજના, વગેરેને આ કર્મથી મહાદુ:ખ પડ્યું. ઉપર પ્રમાણે આઠ કર્મો  તેના બંધના કારણે તેના વિપાકના શુભ અશુભ ફળોમાં બધાયને એક સરખું ફળ મળે છે તેવું નથી. બાંધતી વખતે આત્માના અધ્યવસાય (ભાવના) મુજબ તેમાં સ્પષ્ટ-બદ્ધ-નિદ્ધત અને નિકાંચિત એ પ્રમાણે કર્મોની તીવ્રતા ક્રમવાર પડે છે. નિકાચિત ભોગવવું જ પડે છે. શ્રેણિક મહારાજ ને પરમાત્મા મળ્યા પહેલાં હરણીના શિકારથી નિકાચિત કર્મ બંધાયેલ જેથી અત્યારે તેઓ નારકીમાં છે. (નિકાચિત સિવાય) કોઈ કારણસર કર્મ બંધાય પછી તેનો ભારોભાર પશ્ચાતાપ કરવાથી કે ગુરૂ મહારાજ પાસે આલોચના કરવાથી કર્મ હળવું બને છે. અને બાંધ્યા પછી તુરતજ ઉદયમાં આવે તેવું પણ નથી. તેની પ્રકૃતિ સ્થિતિ-રસ અને પ્રદેશ મુજબ અમુક કાળે ઉદયમાં આવે છે. આ કાળને અબાધા કાળ - શાંતિકાળ કહેવાય છે. આ આપણા માટે સુવર્ણકાળ છે. જેથી શુભભાવ દ્વારા અશુભકર્મ ને શુભ બનાવી શકાય છે. શ્રીપાલ મહારાજા એ આગલા ભવમાં મુનિને ઉપદ્રવ કરેલો કર્મ ભોગવાઈ ગયું પરંતુ શ્રીપાલના ભવે જોરદાર પુન્યઉપાર્જન કર્યું. સદગતિ પામ્યા.

## ૮ કર્મના નાશથી – શાશ્વત ૮ ગુણોની પ્રાપ્તિ

આ જગતમાં ધર્મની મુખ્ય જરૂર એટલા માટે જ છે. જગતમાં મરણ ન હોત, તો ધર્મની જરૂર કદાચ ન રહેત. જીવને માટે જગતનાં સુખનાં અનેક સાધનો છે. તેમ જ દુ:ખમાંથી છોડાવનાર પણ અનેક સાધનો મળી શકે છે. પરંતુ અનંત જન્મ–મરણોમાંથી છોડાવનાર ધર્મસિવાય બીજી કોઈ પણ વસ્તુ નથી. ધર્મ એક એવી વસ્તુ છે કે તે અદૃશ્ય રીતે અનંત જન્મ–મરણોની પરંપરામાંથી છોડાવીને જીવને અમર બનાવે છે. ધર્મની બીજા કોઈ પણ કારણે જરૂર ન હોય, તો પણ ધર્મ વિના ચાલશે નહીં. ધર્મ અને ધર્મના સાધનોની જરૂરીયાત દુનિયાદારીના કોઈ પણ સંજોગો માટે નક્કી થતી હોય, તો પણ આ આત્માના અનાદિ–અનંત કાળના મહાજીવનની દૃષ્ટિએ અનંત મરણમાંથી છૂટવા ધર્મની અનિવાર્ય જરૂર છે. માટે દરેક દરેક ક્ષણે, દરરોજ, દરેક મહિને અને એકંદર આખી જિંદગી જેટલો વખતમળે તેટલો વખત અને જેટલી શક્તિ હોય, તેટલી શક્તિનો ઉપયોગ કરીને અવશ્ય ધર્મ કરવો જોઈએ, એ આ ઉપદેશનો સાર છે. જગતના દરેક માણસે સમજી રાખવું જોઈએ.

## કષાય

કષાય એટલે જીવના વિચારો (પરિણામો) ની ચીકાશ કે મલિનતા છે. જેમ, તેલ મર્દનવાળો પુરુષ જમીન પર આળોટે ત્યારે ચિકાશને કારણે શરીર ઉપર ધૂળ ચોંટી જાય છે. તેમ જીવના કષાયમય ઉપયોગને કારણે જીવના પ્રદેશોને કર્મ જ ચોંટે છે. તે નીચેના પ્રકારો પ્રમાણે કષાયોની તીવ્રતા અને મંદતા સમજવામાં ખ્યાલ આવે છે.

કષાય (ક્રોધ–માન–માયા–લોભ)

| | | |
|---|---|---|
| ૧. | અનંતાનુબંધી : | અનંત સંસારની વૃદ્ધિ કરે છે. જીવન પર્યંત રહે છે. નરક ગતિમાં લઈ જાય છે. અને સમ્યક્ત્વને પ્રાપ્ત થવા દેતું નથી. |
| ૨. | અપ્રત્યાખ્યાનીય : | એક વરસ સુધી રહે છે. તિર્યંચ ગતિમાં લઈ જાય છે. દેશવિરતિ પચ્ચક્ખાણ(ગુણ)ને રોકે છે. અને વ્રતાદિમાં અંતરાય કરે છે. |
| ૩. | પ્રત્યાખ્યાનીય : | ચાર માસ સુધી અંતરમાં રહે છે. મનુષ્ય જન્મ મળે છે. પણ સર્વ વિરતિ(ચારિત્ર)ને રોકે છે. |
| ૪. | સંજ્વલન : | પંદર દિવસ સુધી અંતરમાં રહે છે. દેવલોકમાં લઈ જાય છે. અને યથાખ્યાત ચારિત્રને રોકે છે. |

અર્થાત્ જીવના કષાયો જેમ જેમ મંદ થાય છે, તેમ તેમ ઊંચીગતિની પ્રાપ્તિ થાય છે.

jainuniversity.org




| | | |
|---|---|---|
| અનંતાનુબંધી | ક્રોધ | પર્વતની તિરાડ સમાન ક્યારેય વિલય(નાશ) ન પામે. |
| અપ્રત્યાખ્યાનીય | ક્રોધ | પૃથ્વીમાં પડેલી રેખા સમાન, વરસાદથી મટે તેવી. |
| પ્રત્યાખ્યાનીય | ક્રોધ | રેતીમાં દોરેલી રેખા સમાન, પવનથી દૂર થાય તેવી. |
| સંજ્વલન | ક્રોધ | જળમાં દોરેલી રેખા સમાન, તરત વિલય પામે તેવી. |




| | | |
|---|---|---|
| અનંતાનુબંધી | માન | પથ્થરના સ્તંભ જેવો, કોઈ રીતે નમે નહીં. |
| અપ્રત્યાખ્યાનીય | માન | હાડકાના જેવો, મહાકષ્ટપૂર્વક નમે. |
| પ્રત્યાખ્યાનીય | માન | લાકડાના જેવો, સામાન્ય ઉપાયે નમે. |
| સંજ્વલન | માન | નેતરની સોટી જેવો, સહેલાઈથી વળે. |

jainuniversity.org




| | | |
|---|---|---|
| અનંતાનુબંધી | માયા | વાંસના મૂળ જેવી, મૂળ છેદાય નહીં અને કુટિલતા ટળે નહિ. |
| અપ્રત્યાખ્યાનીય | માયા | ગેંટાના શિંગડા જેવી વક્રતા, અતિ કષ્ટે ટળે. |
| પ્રત્યાખ્યાનીય | માયા | બળદના મૂત્રની ધાર જેવી, પવનથી વક્રતા ટળે. |
| સંજ્વલન | માયા | વાંસની છાલ જેવી, જલ્દી દૂર થાય. |




| | | |
|---|---|---|
| અનંતાનુબંધી | લોભ | કિરમજીના લાલ રંગ જેવો પાકો, કદાપી દૂર ન થાય. |
| અપ્રત્યાખ્યાનીય | લોભ | ગાડાના પૈડાની કીટ (મળી) જેવો, અતિકષ્ટે ટળે. |
| પ્રત્યાખ્યાનીય | લોભ | વસ્ત્રમાં લાગેલા ડાઘ જેવો, પ્રયત્નથી દૂર થાય તેવો. |
| સંજવલન | લોભ | હળદરના રંગ જેવો, સૂર્યના તાપથી દૂર થાય તેવો. |

## ઉપસંહાર

ઉપર પ્રમાણે આપણે શુભ અને અશુભ બન્ને કર્મોના આટાપાટા જોયા પછી જીવનની પ્રત્યેક ક્ષણો અશુભ કર્મ બંધાય ન જાય તેનો ખ્યાલ રાખવો ખુબ જરૂરી છે. “હસતા બાંધેલા કર્મો રડતા પણ છૂટતા નથી.” માટે ખાસ કરીને જીવહિંસા– કષાય–સાધુ–સાધ્વીની અવહેલના – દેરાસરમા આશાતના વગેરે ન થઈ જાય કષાય ક્રોધ આવે તો  મનમાંથી કાઢી નાખી નવકારમંત્ર ગણવા, અહિંસાધર્મ માટે ઘરમાંજ ઉપયોગ પૂર્વક દરેક કાર્ય કરીએ તો ઘણી હિંસાથી બચાય તેમ છે. દા.ત. ગેસનું બર્નર જોઈને પૂંજીને પછી ગેસ પ્રગટાવવો, બાથરૂમમાં નાના જીવ–જંતુ નથી ને તે જોઈને ઉપયોગ કરવો. હીટર ન વાપરવું, દરેક આરંભ – સમારંભ વખતે કોઈ જીવ કચડાઈ ન જાય તેની જયણા રાખવી. શાક – ફ્રુટ(ફળ) જોઈને સુધારવું, લોટ ચાળીને વાપરવો, અનાજ સાફ કરીને દળાવવું, પાણી ગાળીને વાપરવું, સંખારો વાળવો, કોઈ મીઠાઈ કે અથાણામાં ફુગ ન થાય તે જોવું, અઢાર પાપસ્થાનકથી બચવું ક્યારેક અજાણતાં થઈ જાયતો આત્મ સંવેદન કરવું. રાજી ન થવું. પૂજ્ય સાધુ ભગવંત અને સાધ્વીજી ભગવંતના જીવન ઉપર જરા દષ્ટિપાત કરીએ. તેમની પ્રત્યેક ક્રિયા નીહાળીએ તો જરૂર ખ્યાલ આવશે કે તેઓ કેટલા બધા સંયમી અને જાગૃત છે. તેઓ છકાયની રક્ષા અષ્ટપ્રવચન યુક્ત કરે છે. દરેક વસ્તુ રજોહરણથી પુંજીને વાપરે છે. અરે રાત્રે સૂતા–પડખું ફેરવતાં પણ પુંજે છે. જ્યારે આપણે છ કાય જીવોની રક્ષા કરી શકતાં નથી. આથી જ સાધુની વીશ–વસા અને શ્રાવકની ૨૧ વસા દયા કહી છે. આપણે આ જન્મમાં ચારિત્ર્ય નથી મેળવ્યું પણ ભવાન્તરમાં આવું ચારિત્ર્ય મેળવી જીવનના દરેક કાર્યમાં જીવદયા પાળી કર્મનો અંત લાવીએ આટલું કર્મવાદનું જ્ઞાન મળ્યા પછી દેશવિરતિ ધર્મ (શ્રાવકના બાર વ્રત) પાળી થોડા અંશે અશુભ કર્મથી અટકીએ. જૈન ધર્મની કર્મની થિયરીને સમજીને ગમે તે સ્થિતિમાં નિરાશ ન થતાં કર્મનો વિપાક સમજીને શાંતિથી કર્મને ભોગવીએ. હોય–વોય કરતાં નહીં, હશે કર્મ બાંધ્યા હશે તો થાય તે માટે પ્રાયશ્ચિત કરીએ આલોચના લઈએ. સર્વ જીવોને ખમાવીએ અને આત્માને કષાયમુક્ત શુદ્ધ બનાવીએ.